# પ્રદર્શન હોલમાં એન્ટ્રી માટે રૂ. ૧૦૦ ઉઘરાવવાનું શરૂ કરી દેવાતા રોષ

## જવેલરી પેવેલીયન સહિત મોટા ભાગના ડોમમાં એકાએક એન્ટ્રી પાસ વગર 'નો એન્ટ્રી'..!!

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં યોજાઈ રહેલા વાઈબ્રન્ટ ટ્રેડ ફેરમાં લાખોની સંખ્યામાં વિઝીટર્સ એકઝીબીશનની મુલાકાત લઈ ચુકયા છે ત્યારે હજુ પણ વિઝીટર્સનો ધસારો સ્હેજ પણ ઓછો નથી ત્યારે જવેલરી પેવેલીયન સહિત મોટાભાગના એકઝીબીશન હોલમાં એન્ટ્રી પાસ વગર 'નોએન્ટ્રી' નોનિયમ લાવીને મુકી દેવાતા વિઝીટર્સ મુંઝાયા છે. એકાએક એન્ટ્રી પાસના રૂ. ૧૦૦ ઉઘરાવવાનું શરુ કરી દેવાતા મુલાકાતીઓમાં પણ રોષ જોવા મળ્યો હતો જયારે મોટા ભાગના મુલાકાતીઓએ તેવા ડોમમાં સ્થિત સ્ટોલ્સને નિહાળવાનું પણ ટાળ્યું હતું.

છેલ્લા પાંચ દિવસથી પાટનગરનું નવું નજરાણું બની ગયેલા વાઈબ્રન્ટ ટ્રેડ ફેરમાં ત્રણ જ દિવસમાં ૧૧લાખથી વધુ મુલાકાતીઓએ મુલાકાત લીધી છે અને આજે પાંચમા દિવસે પણ મુલાકાતીઓનો પ્રવાહ સતત ચાલુ જ રહ્યો હતો પરંતુ ગ્લોબલ ટ્રેડ શૉના તમામ ૨૨ પેવેલીયનમાં મુલાકાતીઓની જે ફ્રી એન્ટ્રી રાખવામાં આવી હતી તે આજે અચાનક જ કેન્સલ કરી દેવામાં આવતા મુલાકાતીઓને આવીને પછતાવા જેવી સ્થિતિ ઉદભવી હતી. ફ્રી એન્ટ્રી માનીને પરિવાર તથા પાડોશીઓને ગાડીમાં બેસાડી લઈ આવ્યા બાદ એક એક ડોમમાં એન્ટ્રી માટે વ્યકિત દીઠ રૂ. ૧૦૦ ચુકવવા પડતા મુંઝવણમાં મુકાઈ ગયા હતા. જવેલરી પેવેલીયન સહીત પ્લાસ્ટીક મટીરીયલ્સ અને મશીનરી ઉપરાંત મોટા ભાગના ડોમમાં એન્ટ્રી પાસ વગર 'નો એન્ટ્રી' જાહેર કરી દેવામાં આવી હતી જેને પગલે મુલાકાતીઓ એક એક ડોમમાં પ્રદર્શન નિહાળવા જતાં પહેલા સો વાર વિચારતા થઈ ગયા હતાં. એન્ટ્રી પાસ પેટે વ્યકિત દીઠ રૂ. ૧૦૦ ઉઘરાવવાનું જ શરૂ કરી દેવાતા મુલાકાતીઓમાં રોષ જોવા મળ્યો હતો.

# ગુજરાતી કંપનીઓનો બિઝનેસ વિદેશી દેશોમાં પ્રમોટ કરવા પ્રયાસ

## વર્ષ ૨૦૧૧માં પણ ૫૦૦ જેટલી કંપનીઓના બિઝનેસનો વ્યાપ વધારવા પ્રયાસ કરાયો હતો

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતની કંપનીઓને બિઝનેસ માટે વિદેશી દેશોમાં પ્રમોટ કરવા વાઈબ્રન્ટ એકઝીબિશનમાં ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. મેડ ઈન ગુજરાતના પેવેલિયનમાં આ મામલે રાજયની વિવિધ કંપની હોલ્ડર્સને અલગ અલગ દેશોમાં યોજાનાર ટ્રેડ ફેરમાં પણ બિઝનેસ ડીલ્સ માટે પ્રોત્સાહિત કરવા માહિતી પૂરી પાડવામાં આવે છે. વર્ષ ૨૦૧૧ દરમિયાન પણ આ અભિગમ અન્વયે ૫૦૦થી વધુ કંપનીઓને પ્રમોટ કરવામાં આવી હતી.

વાઈબ્રન્ટ ટ્રેડ ફેરમાં દેશ વિદેશની વિવિધ કંપનીઓએ ભાગ લીધો છે. પ્લાસ્ટીક, કેમિકલ્સ, એગ્રીકલ્ચર, ઓટોમાબાઈલ્સ સહિતની અનેકવિધ કંપનીઓ પોતાની પ્રોડકટસ અને મશીનરીને પ્રમોટ કરવા હીસ્સેદાર બની છે. વાઈબ્રન્ટ ટ્રેડ ફેરમાં બિઝનેસ વ્યુઝને અનુલક્ષી ઉભા કરાયેલા પેવેલીયન નાના મોટા ઉદ્યોગકારો માટે ઉપયોગી પ્લેટફોર્મ બન્યા છે.

આ ઉપરાંત રાજયની વિવિધ કંપનીઓ પોતાના દેશ બહાર પણ ધંધાકીય ડીલ્સ કરવા માટે આગળ આવે તેવો પણ પ્રયાસ કરવામાં આવ્યો છે. ગુજરાતની કંપનીઝને પ્રમોટ કરવા મેઈડ ઈન ગુજરાતના પેવેલીયનમાં આ મામલે કોમ્યુનિકેશન કરવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૧૧ દરમિયાન પણ ૫૦૦ જેટલી કંપનીઓને આ નવતર અભિગમ અન્વયે મલેશિયા, દુબઈ, યુ.એસ.એ. જેવા વિદેશી દેશોમાં બિઝનેસ માટે લીંક-અપ કરવામાં આવી હતી. રાજયની કંપનીઝ વિશ્વના અલગ અલગ દેશોમાં બિઝનેસનો વ્યાપ વધારી શકે તે માટે આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આગામી તા. ૧ થી ૩ ફેબ્રુઆરી દરમિયાન નેરોબીમાં ટ્રેડ ફેર યોજવામાં આવનાર છે. જેમાં ગુજરાતની કંપની પ્રોડકટસને પ્રમોટ કરવા પ્રયાસ કરાશે.

# વાહ નરેન્દ્રભાઈ ! વાહ ગુજરાત !

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે શરૂ થયેલી છઠ્ઠી વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમીટના શાનદાર પ્રારંભ પ્રસંગે ઉપસ્થિત વૈશ્વિક ઉદ્યોગ જગતની જાણીતી હસ્તીઓ અને દેશના નામાંકિત ઉદ્યોગકારોએ ગુજરાતના સર્વાંગી વિકાસના ભરપૂર વખાણ કર્યા હતાં. મહાનુભાવોના મંતવ્યો દ્વારા જાણી શકાય છે, ગુજરાતની સિદ્ધિના સોપાનો. . .

**અદી ગોદરેજ, પ્રમુખ, સીઆઇઆઇ, ચેરમેન, ગોદરેજ ગ્રુપ**

આ સમિટની શરૂઆતમાં સીઆઈઆઈના પ્રેસિડેન્ટ અને ગોદરેજ ગ્રુપના ચેરમેન શ્રી અદી ગોદરેજે જણાવ્યું હતું કે, ગુજરાતની નીતિ રોકાણકારો માટે એકદમ અનુકૂળ છે. અહીં સારા રસ્તા, વીજળી, પાણી અને કુશળ કારીગરો અને શ્રમિકો મળી રહે છે. ગુજરાતમાં દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનના ૧૭ ટકા ઉત્પાદન થાય છે. એવી જ રીતે પેટ્રોલિયમ ઈન્ડસ્ટ્રીઝ પણ લીડ કરે છે. ગુજરાતમાં થયેલું રોકાણ પૂરેપૂરૂ વળતર આપે છે. નરેન્દ્રભાઈ મોદીની દીર્ધદ્રષ્ટિના કારણે ગુજરાતનો વિકાસ માત્ર ભારત જ નહીં પણ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચે છે. કોન્ફેડેરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝના રિપોર્ટ પણ કહે છે કે, ગુજરાત રાજય ભારતનું સૌથી વધુ મૂડીરોકાણ મેળવનારૂં સ્ટેટ છે.

શ્રી ગોદરેજે ઔદ્યોગિક ટેકનોલોજી ક્ષેત્રે સંશોધન માટે ગુજરાતમાં જે સામર્થ્ય છે તેને બહાર લાવવા અનુરોધ કરી ગુજરાતના પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડેલની પ્રસંશા કરી યુવા આંત્રપ્રિનિયોર વિકાસ ઉપર ભાર મૂકયો હતો.

**શ્રી અનિલ અંબાણી, ચેરમેન, રિલાયન્સ એડીએ લિમિટેડ**

અનિલ ધીરૂભાઈ અંબાણી લિમિટેડના ચેરમેન શ્રી અનિલ અંબાણીએ ગૌરવભેર કહયું હતું કે, તારીખ ૨જી ઓકટોબર, ૧૮૬૯એ



પોરબંદરમાં મોહનદાસ કરમચંદ ગાંધી રાષ્ટ્રપિતા જન્મ્યા હતા. જેમણે પરિવર્તન જોઈતું હોય તો પોતાનામાં પરિવર્તન આણવાની શીખ આપી. તારીખ ૩૧મી ઓકટોબર ૧૮૭૫ એ નડિયાદમાં સરદાર વલ્લભભાઈ જન્મ્યા હતા. તારીખ ૨૮મી ડિસેમ્બર ૧૯૩૨ એ ચોરવાડમાં ધીરૂભાઈ અંબાણી જન્મ્યા હતા, જેમણે લોકોને શમણા જોતા અને સાકાર કરવાની શીખ આપી, અને તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૫૦ એ વડનગરમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી જન્મ્યા.

શ્રી અનિલભાઈ અંબાણીએ જણાવ્યું હતું કે, મહાન, શ્રેષ્ઠ અને ઉજ્જવળ ગુજરાતના વિકાસ માટે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પોતાના હૃદય અને મન હંમેશા ખુલ્લાં રાખે છે. વિકાસ માટે તેઓ તમામના વિચારોને આવકારે અને સ્વીકારે છે. તેમના નેતૃત્વમાં છેલ્લા ૧૦ વર્ષોમાં ગુજરાતે નોંધપાત્ર પ્રગતિ કરી છે. સતત ત્રીજી વખત ચૂંટાઈ આવીને ચોથીવાર મુખ્યમંત્રી બનવા બદલ તેમને અભિનંદન પાઠવવા તેમણે સભાગૃહમાં ઉપસ્થિત તમામને પોતાના સ્થાને ભા થઈને મુખ્યમંત્રીનું બહુમાન કરવાની વિનંતી કરી હતી. સભાગૃહમાં ઉપસ્થિત સહુ કોઈએ તેમની વિનંતીને માન આપીને પોતાના સ્થાને ભા થઈને મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવ્યા હતા.

**અમિતાભ કાંત - સીઇઓ દિલ્હી-મુંબઇ ઇન્ડસ્ટ્રિયલ કોરીડોર ડેવલપમેન્ટ કોર્પોરેશન**

ગુજરાતે દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોરનું નેતૃત્વ લીધું છે અને તે ગુજરાતના વિકાસની નવી ક્ષિતિજ ઉઘાડી આપશે તેમ જણાવતા ડીએમઆઈસીસી લિ.ના ચેરમેન શ્રી અમિતાભ કાંતે કહયું કે, દિલ્હી-મુંબઈ ઈન્સ્ટ્રીયલ કોરીડોર ડેવલપમેન્ટ કોર્પોરેશનનો મોટો હિસ્સો ગુજરાતમાંથી પસાર થાય છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની સરકારે ત્વરિત નિર્ણયો લઈ એસઆઈઆર એકટ ઘડયો એટલું જ નહીં ધોલેરા જેવા એસઆઈઆરના વિકાસ માટે કમર કસી છે. ગુજરાતે આ કોરીડોરનો મહત્તમ લાભ રાજયના વિકાસ માટે હાંસલ કરવાનું કુશળ આયોજન કર્યું છે.

**આનંદ મહિન્દ્રા, વાઇસ ચેરમેન અને એમ.ડી., મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા**

" ગુજરાત કી મિટ્ટી મે કયા જાદુ હે પતા નહીં, લેકિન યે જાદુ કે જરિયે ગુજરાતી લોગ બડે આંત્રપ્રિનિયોર હૈ, ઔર બિઝનેસ ફેલ્યોર સે ડરતે નહીં હૈ." આ શબ્દોથી ગુજરાતીઓના વ્યાપાર કૌશલ્યને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર આનંદ મહિન્દ્રાએ બિરદાવ્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં વેપાર શરૂ કરવો એ માત્ર એક પ્રક્રિયા નથી, આ એક એવું રાજય છે જયાં વેપારની સાથે સૌહાર્દભર્યા સંબંધોની શરૂઆત થાય છે અને આ સંબંધોથી એક સ્પર્ધાત્મક સ્પિરિટ જાગે છે અને આ સ્પિરિટથી ગુજરાતની વિકાસકૂચ આગળ વધે છે અને રાજય સફળ બને છે. તેમણે ગુજરાતની ઉદ્યોગ સાહસિકતાને બિરદાવીને જણાવ્યું હતું કે, હવે એ દિવસો આવી રહયા છે જયાં વિકાસ માટે "ચાઇના મોડેલ ઈન ગુજરાત" નહીં પરંતુ "ગુજરાત મોડેલ ઈન ચાઇના" સાકાર થશે.

**મિ.લોવેલ પેડોક, જનરલ મોટર્સ**

જનરલ મોટર્સના મેનેજિંગ ડિરેકટર લોવેલ પેડોકે ગુજરાતમાં ઈન્વેસ્ટર ફ્રેન્ડલી વાતાવરણ હોવાનું જણાવી કહયું હતું કે, વર્ષ ૧૯૯૬માં



જનરલ મોટર્સ રૂા.૭૫૦ કરોડના રોકાણ સાથે ગુજરાતમાં આવી હતી, ત્યારે વડોદરાથી અમદાવાદ આવતા ચાર કલાક થતા હતા. આજે માત્ર ૩૦ મિનિટમાં જ પહોંચી જવાય છે. અવિરત મળતો વીજ પુરવઠો, શ્રમિક ચળવળથી મુકત ગુજરાત રોકાણ માટે શ્રેષ્ઠ છે. ગુજરાત ઓટો અને ઓટો કમ્પોનન્ટનું હબ બનવા જઈ રહયું છે.

**શ્રી મુકેશ અંબાણી, ચેરમેન-મેનેજીંગ ડિરેકટર, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ.**

'રિલાયન્સ એક ગુજરાતી કંપની છે એમ કહેતાં હું ગર્વ અનુભવું છું'. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મુકેશ ધીરૂભાઈ અંબાણીએ છઠ્ઠી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે, મૂડી રોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. ગુજરાતથી શરૂ થયેલી વિકાસ પ્રક્રિયામાં અમે ફરીફરીને અહીં આવીએ છીએ. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી વિશાળ દૃષ્ટિકોણ રાખે છે અને પોતાના ગ્રાન્ડ વિઝનને વાસ્તવિકતામાં બદલી શકવાની સમર્થતા ધરાવે છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ આવનારી પેઢી માટે મોબાઈલ બ્રોડબેન્ડ ઈન્ફ્રાસ્ટકચર પૂરું પાડવા પ્રતિબધ્ધ છે. આ પ્રોજેકટથી સંશોધનો, કૌશલ્ય નિર્માણ, આરોગ્ય અને ઈન્ફર્મેશન ટેકનોલોજી જેવા ક્ષેત્રોને ખૂબ ફાયદો થશે. શ્રી મુકેશભાઈ અંબાણીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વિશ્વ કક્ષાના શૈક્ષણિક સંકુલોના નિર્માણની વધુ આવશ્યકતા પર ભાર મૂક્યો છે એટલે અમે એ દિશામાં પગલું ભરીને






પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં રૂા.૧૦૦ કરોડની વિસ્તરણ યોજનાઓ અમલમાં મૂકી હતી. આવનારા પાંચ વર્ષમાં અમે પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીના વિકાસ-વિસ્તરણ માટે રૂા. ૫૦૦ કરોડની ફાળવણી કરી છે.

**સુશ્રી ચંદા કોચર, સી.ઇ.ઓ.- એમ.ડી. આઇસીઆઇસીઆઇ બેંક**

ગુજરાત કેડી નહીં, ધોરીમાર્ગ કંડારે છે અને એટલે જ આઈસીઆઈસીઆઈ બેંકના સી.ઈ.ઓ. અને એમ.ડી. સુશ્રી ચંદા કોચર જણાવે છે કે ગુજરાત હવે "ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ સ્ટેટ" નહીં પરંતુ વિશ્વનો "ફાસ્ટેટ ગ્રોઈંગ રીજીયન છે. સુશ્રી કોચરે વાઈબ્રન્ટ સમીટની મહત્તાને દર્શાવતા જણાવ્યું હતું કે, હવે આ સમીટ ઈન્સ્ટિટ્યૂટ બની ગઈ છે. જ્યાં વિકાસ માટેનું શ્રેષ્ઠ પ્લેટફોર્મ મળી રહી છે.

ગુજરાતમાં ક્રેડિટ ડિપોઝિટ રેશિયો ૧૭૭ ટકા છે જે દેશભરમાં શ્રેષ્ઠ છે, તેનો ઉલ્લેખ કરી તેમણે ખેડૂતોને પાક લોન, પશુપાલન માટે આર્થિક સહયોગ, ઉપરાંત ગરીબ લોકો માટે આરોગ્ય વીમા ક્ષેત્રે નવી પહેલ કરશે, તેમ જણાવ્યું હતું.ગુજરાતમાં પરવડે તેવું શિક્ષણ, રોજગારી, સ્કીલ ડેવલપમેન્ટ અને તાલીમ ક્ષેત્રે બેંક દ્વારા જ નવા જ પગલાં અમલમાં મૂકાશે, તેવી વાત પણ તેમણે જણાવી હતી.

**શ્રી હરિ ભારતીય, કો-ચેરર્સન, જ્યુબિલી લાઇફ સાયન્સ લિ.**

ભરૂચમાં સેઝ સ્થાપનાર જ્યુબીલી લાઈફ સાયન્સ લિ.ના કો-ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર શ્રી હરી ભારતીયએ ગુજરાતમાં થયેલા વિકાસ પાછળ ૬ કરોડ ગુજરાતી અને નરેન્દ્રભાઈના તપ, આગ અને પ્યાર જોડાયેલી હોવાનું કહ્યું હતું અને જણાવ્યું કે, ગુજરાતમાં કૃષિ, ઓઈલ, ગેસ ક્ષેત્રમાં રોકાણની ઉત્તમ તક છે. ભરૂમાં સેઝમાં ૭૫૦૦ લોકોને રોજગારી મળી છે. સેઝમાં ૨૦૦૦ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે. હજુ પણ ૧૩૦૦ કરોડનું રોકાણ કરવામાં આવશે.

**શ્રી ગૌતમ અદાણી, ચેરમેન, અદાણી ગૃપ**

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટના શુભારંભ પ્રસંગે બોલતાં અદાણી ગ્રપના ચેરમેન શ્રી ગૌતમભાઈ અદાણીએ જણાવ્યું હતું કે, અદાણી ગ્રૂપ દ્વારા મુંદ્રામાં ૪૨૦૦ મે.વોટ વીજ ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું છે. આ પ્રકારનું કોલસા આધારિત પાવર સ્ટેશન વિશ્વમાં સૌ પ્રથમ પાવર સ્ટેશન છે. મુંદ્રા ઉપરાંત હજીરા અને દહેજ ખાતે પણ પોર્ટ ઈન્ફ્રાસ્ટચરનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

ઉત્તરાયણે પવનની ગતિ ઉત્તર તરફ થાય તેનો ઉલ્લેખ કરીને શ્રી ગૌતમભાઈ અદાણીએ જણાવ્યું હતું કે, વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટથી ગુજરાતની ગતિ ઉપર તરફ થાય છે.

સ્વપ્નદૃષ્ટ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રેરણાસ્રોત ગણાવીને તેમણે કહ્યું હતું કે, એક વ્યકિતને કારણે રાજ્યની ક્ષમતામાં કેટલો મોટો ફેર પડી શકે છે. તે જોવા જેવું છે. આજે ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૭ ટકા ફાળો ગુજરાત આપી રહ્યું છે. જ્યારે ભારતની કુલ નિકાસમાં ૨૫ ટકા ફાળો ગુજરાત આપી રહ્યું છે.

શ્રી ગૌતમભાઈ અદાણીએ જણાવ્યું હતું કે, દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોરમાં હજીરા સુધીની નવી રેલવે લાઈનનો પ્રોજેકટ પણ કાર્યરત થશે. મુંદ્રા ઉપરાંત હજીરા અને દહેજના વિસ્તરણ કામોથી ૫૦૦૦ જેટલી રોજગારીની નવી તકોનું નિર્માણ થશે.

**કે.વેંકટરામનન, સી.ઇ.ઓ. અને એમ.ડી. એલ એન્ડ ટી**

લાર્સન અને ટુબ્રો ઈન્ડસ્ટ્રીના સી.ઈ.ઓ. અને એમ.ડી. શ્રી



કે.વેંકટરામનને પ્રત્યેક વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ નવી જ ક્ષિતિજો ખોલી આપે છે. તેમ જણાવી આ વખતની સમીટને ખાસ મહત્વની ગણાવી હતી.

એલ એન્ડ ટી કંપનીની કાર્યશૈલીને વર્ણવતા શ્રી વેંકટરામનને જણાવ્યું હતું કે, એલ એન્ડ ટી એટલે લવ એન્ડ ટ્રસ્ટ. તેમણે મુખ્યમંત્રીશ્રીના કર્મઠ માર્ગદર્શનને કારણે ગુજરાતે જે પ્રગતિ સાધી છે, તેને વર્ણવતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી વિકાસના પ્રોજેકટ માટે પ્રોજેક્ટ ડાયરેકટર તરીકે પૂરી નિષ્ઠાથી કાર્ય કરે છે. માઈક્રો પ્લાનીંગ કરે છે. એટલે જ સંપૂર્ણ સફળતા મળે છે. મહાત્મા મંદિરના આઈકોનિક સ્ટ્રકચરના નિર્માણ માટે એલ એન્ડ ટી ના કર્મચારીએ દિવસ-રાત કાર્ય કરે છે. ગુજરાત પાસેથી મળેલી પ્રેરણા જ જવાબદાર છે તેમ તેમણે જણાવ્યું હતું.

એલ એન્ડ ટી એ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપથી ૭૦૦ કિ.મી.ના રસ્તાનું બાંધકામ કર્યું છે. હજીરામાં ૮ હજાર કરોડનું રોકાણ કર્યું છે. ગુજરાતમાં કંપનીને કામ કરવાની શ્રેષ્ઠ તક મળી છે, તેનો ઉલ્લેખ કરી કાર્ય સંવાદિતાથી ગુજરાત શ્રેષ્ઠ રાજ્ય બન્યું છે તેમ પણ જણાવ્યું હતું.

**શ્રી શશી રૂઇઆ, એસ્સારના ચેરમેન**

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના આર્થિક વિકાસના મશાલચી છે તેવી લાગણી વ્યક્ત કરતા એસ્સારના ચેરમેન શ્રી શશી રૂઈઆએ કહયુ કે, ગુજરાતના લોકો અને ગુજરાત સાથે કામ કરવાનો અમને ગર્વ છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં સારી અર્થનીતિ અને સકારાત્મક રાજનીતિનો સમન્વય કર્યો છે. એસ્સાર ગૃપ સ્ટીલ અને રીફાઈનીંગ સહિતના વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતમાં રૂા.૮૮ હજાર કરોડનું મૂડીરોકાણ કર્યું છે. મુખ્યમંત્રીશ્રીની દીર્ધદ્રષ્ટિ ગુજરાતના વિકાસ માટે મહત્વની છે. વિઝન, મિશન અને કન્વીકશન તેમાં રહેલા છે. આર્થિક વિકાસ માટે શ્રેષ્ઠ આંતરમાળખાકિય સુવિધા જરૂરી છે. એસ્સાર આ ક્ષેત્રે કામ કરી રહી છે. રૂા.૧૦ હજાર કરોડ હજીરા અને સલાયા પોર્ટના વિકાસ માટે રોકાણ કરાશે. જ્યારે રૂા.૪ હજાર કરોડ બલ્ક વોટર સપ્લાય માટે રોકાણ કરવામાં આવશે, તેમ તેમણે કહયુ હતું.

**રતન ટાટા, એમીરેટસ, ટાટા સન્સ**

વિખ્યાત ઉદ્યોગપતિ રતન ટાટાએ કહયું કે, આજે મૂડીરોકાણકારો રોકાણ માટે ગુજરાતને આદર્શ ગણે છે, પૂરતી માળખાકીય સગવડો, ઉત્પાદકતાને પ્રોત્સાહક વાતાવરણ જેવી કસોટીઓમાં ગુજરાત સફળ રહયું છે તેવી લાગણી વ્યક્ત કરતા શ્રી રતન ટાટાએ જણાવ્યું કે, વિકાસની બાબત કેવું ભગીરથ કામ થઈ શકે તેનો દાખલો ગુજરાતે બેસાડ્યો છે. વાઈબ્રન્ટ ગુજરાતની પ્રથમ મુલાકાત સમયે મેં કહયું હતું કે, ગુજરાતમાં રોકાણ ન કરે તે મૂર્ખ છે. પછી મને સમજાયું કે ટાટા કેમીકલ્સ સિવાય અમારું તો ગુજરાતમાં ઝાઝુ રોકાણ જ નથી ! એટલે આજે ટાટા સન્સ ગુજરાતમાં રૂા.૩૪ હજાર કરોડનું રોકાણ આયોજન સાકાર કરી રહ્યું છે. ગુજરાતને વાઈબ્રન્ટ અને રોકાણ પ્રોત્સાહક રાજ્ય બનાવવા માટે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અભિનંદનને પાત્ર છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬

સૂર્યાસ્ત : ૬.૧૭

## તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૦.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્કીન-૧ :
ટેબલ નં. ૨૧ : ૧૦.૦૦
મટરું કી બિજલી કા મન ડોલા :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

: સ્કીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦, ૪.૩૦, ૭.૩૦
દબંગ-૨ : ૧.૩૦, ૧૦.૧૫

: સ્કીન-૩ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૬.૩૦, ૯.૪૫

: સ્કીન-૪ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦
ટેબલ નં. ૨૧ : ૧૨.૪૫, ૩.૦૦
દબંગ-૨ : ૫.૦૦, ૭.૩૦

: સ્કીન-૫ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૩.૩૦, ૯.૪૫

### સિને મેક્સ

: સ્કીન-૧ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૯.૧૫,૧૨.૧૫, ૬.૧૫, ૯.૧૫
લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૩.૧૫

: સ્કીન-૨ :
ટેબલ નં. ૨૧ : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦
દબંગ -૨ : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૧૫

: સ્કીન-૩ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્કીન-૪ :
મટરું કી બિજલી કા મન ડોલા :૮.૩૦,૧૧.૩૦,૨.૩૦,૫.૩૦, ૮.૩૦

### સૂર્યા, વાવોલ

મટરું કી બિજલી કા મન ડોલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
તારા રૂદિયાની રાણી બોલે બંધાણી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
વિશ્વરૂપ: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્કીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા :૧૦.૪૫, ૧.૩૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્કીન-૩ :
દબંગ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦
મટરું કી બિજલી કા મન ડોલા : ૬.૩૦

### ચિરાગ, કલોલ

ઘાયલ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### શૈક્ષણિક

- કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર દ્વારા 'માણેકલાલ પટેલ મેમોરીયલ મૅરીટ સ્કૉલરશીપ' વિતરણનું આયોજન કડી સેકટર-૨૩માં આવેલ ખેમજી વિશ્રામ હોલ, કોલેજ કૅમ્પસ ખાતે સવારે ૯.૦૦ કલાકે. રાખવામાં આવેલ છે.
- કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર દ્વારા સ્વ.શ્રી 'માણેકલાલ પટેલ વ્યાખ્યાનમાળા'નું આયોજન કડી સેકટર-૧૫માં આવેલ એલ.ડી.આર.પી. કોલેજ હોલ ખાતે સાંજે ૪.૦૦ કલાકે.

## આપની આજ

**મેષ** : કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનના યોગ બની રહ્યા છે નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે.

**વૃષભ** : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

**મિથુન** : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની કાળજી લેવી

**કર્ક** : વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે. માતા-પિતાનું આરોગ્ય ઠીક રહેશે.ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. નવા સંબંધ લાભદાયક રહેશે.

**સિંહ** : તમારા કાર્યોથી પ્રશંસા થશે. આવક- જાવકમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થઈ શકે છે. માનસિક અસ્થિરતા દૂર કરી અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો.

**કન્યા** : સમાજમાં માન, પદ-પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. વ્યવસાયિક લાભ અને સુખસમૃદ્ધિ વધશે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓ વિશેષ યોગ.

**તુલા** : વ્યાપાર- વ્યવસાય, નોકરી વગેરેમાં આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન યોગ બની રહ્યો છે. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે.

**વૃશ્ચિક** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આજે માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : નવી યોજનાઓ પર કાર્ય આજે થઈ શકશે. જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે. પરંતુ તમે તેને દુર કરી દ્રઢમનોબળ સાથે તમે આગળ વધશો.

**મકર** : નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. વેપાર સારો ચાલશે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રમાં તમારી ખ્યાતિમાં વધારો થશે.

**કુંભ** : આજે કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે. વિવાદમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : સામાજિકક્ષેત્રમાં સુખ- સુવિધા, પદ-પ્રતિષ્ઠા સંબંધી વિશેષ યોગ બની રહ્યા છે. વાહન સુખનો ઉત્તમ યોગ છે. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. ઉષાબેન જયેન્દ્રભાઈ પરીખ(ઉ.વ.૭૫) પ્લોટ નં. ૩૩૭/૨, શ્રેયસ સોસાયટી, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. સજનબેન ભીખાજી ઠાકોર(ઉ.વ.૬૫) મુ.પો સાજીસણા, તા. કલોલ, જિ. ગાંધીનગર.